9th ANNIVERSARY CELEBRATIONS

# વોઈસ ઓફ ઘાટકોપર

9022279684

Email : voiceofghatkopar@gmail.com

વર્ષ : ૯ ● અંક : ૫ ● સળંગ અંક : ૩૩૬ ● મુંબઈ ● શુક્રવાર ● તા. ૨૪ ફેબ્રુઆરી – ૦૨ માર્ચ ૨૦૧૭ ● પાના : ૧૬ ● કિંમત રૂા.૨

## 'એન' વોર્ડ ઘાટકોપરમાં ૧૧ બેઠકો પર ૩ ભાજપ, ૪ શિવસેના, ૨ એનસીપી, ૨ મનસેના ઉમેદવારો વિજયી

ગુજરાતી ઉમેદવારો પરાગ શાહ અને બિંદુ ત્રિવેદી વિજયી



સ્નેહલ મોરે
શિવસેના-વોર્ડ ૧૨૩



જ્યોતિ હારુન ખાન
એનસીપી-વોર્ડ ૧૨૪



રૂપાલી આવળે
શિવસેના-વોર્ડ ૧૨૫



અર્ચના ભાલેરાવ
મનસે-વોર્ડ ૧૨૬



સુરેશ પાટીલ
શિવસેના-વોર્ડ ૧૨૭



અશ્વિની હાંડે
શિવસેના-વોર્ડ ૧૨૮



સુર્યકાંત ગવળી
ભાજપ-વોર્ડ ૧૨૯



બિંદુ ત્રિવેદી
ભાજપ-વોર્ડ ૧૩૦



રાખી જાધવ
એનસીપી-વોર્ડ ૧૩૧



પરાગ શાહ
ભાજપ-વોર્ડ ૧૩૨



પરમેશ્વર કદમ
મનસે-વોર્ડ ૧૩૩

જુઓ વધુ ફોટોઝ અને અહેવાલ અંદર ૩જા પાને

# વિજયનો ગુલાલ



## જૈન સમાજની શાન સમાન વોર્ડ ૧૩૨થી પરાગ શાહનો વિજય

### મત જીતવામાં નહીં, સેવા કરી ઘાટકોપર – મુંબઈનું મન જીતવામાં જીત છે – રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ




જતીન કોઠારી

મુંબઈ મહાનગર પાલિકાની ચૂંટણીમાં વૉર્ડ નં-૧૩૨ થી ભાજપના ઉમેદવાર તરીકે પ્રથમવાર જ ઉમેદવારી નોંધાવનાર શ્રી પરાગ શાહ આજે એમની સ્વચ્છ પ્રતિભા અને સમાજ સેવાની આગવી ઓળખ સાથે ભાજપના વિશ્વાસને સાચો ઠેરવીને તેમજ જનતાનો વિશ્વાસ પ્રાપ્ત કરીને ૨૭૨૪ મતોથી વિજયી થતાં સમગ્ર ઘાટકોપરમાં આનંદ છવાયો છે.

શ્રી પરાગ શાહ તેમના વિજય બાદ થાણામાં

(અનુસંધાન ૩જા પાને)



પ્રેરક :
પ.પૂ.તત્વદર્શન મ.સા.
પ.પૂ.તત્વવર્ધન મ.સા.

divine foundation
You Can Make A Difference !

feel free to contact :
Nilesh 7715018785 | Mahesh 8898604043 | Harshad 8383000540

Office : Bhavya Infrastructure(I) Pvt. Ltd. Bhavya Plaza, 603-6th Floor, 1st of 5th Road Corner, Near Krishna Chhaya Hotel, Khar(W), Mumbai - 52.
Email : info@divinefoundationsmumbai.com
website : www.divinefoundationsmumbai.com

શું તમે આવો છો?
નીમકો સોપ્સ આવી રહ્યું છે
સોપમાં વિવિધ વેરાયટી ● સલ્ફર સોપ
● લીમડા સોપ ● બ્યુટી સોપ
● સેન્ડલ સોપ ● ગ્લીસરીન સોપ
● શીકાકાઈ સોપ ● 100% વેજ જૈન સોપ
Lucky Draw
ખરીદી કરનારને ફ્રી ગીફ્ટ
તથા તમામ FMCG પ્રોડક્ટ્સના સ્ટોકીસ્ટ અને ડિલર ઈન્કવાયરી આવકાર્ય
જરૂર મુલાકાત લો
નીમકો સોપ્સ (Since 1962)
તા.૨૫,૨૬,૨૭ ફેબ્રુઆરી ૨૦૧૭
ઉત્સવ - ઉમંગ હૉલ, પંતનગર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ). સમય - ૧૧ થી ૮ www.nimcosoaps.com

Before



After



અઢી મહીનામાં ૧૧ કિલો વજન ઘટ્યું. મનીષાબેન

વજન ઘટાડો
રોજનુ ૨૦૦ થી ૫૦૦ ગ્રામ સુધી
આડઅસર વગર વજન ઘટાડો
કસરત + ડાયેટીંગ + દવા ની જરૂર નથી.
થાયરોઈડ + કોલેસ્ટ્રોલ વાળાએ ખાસ ફોન કરવો.
૧૦૦% કુદરતી
સૃષ્ટી હર્બલ્સ
75065 55824/ 75065 55827

# વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા મતદાનને પ્રોત્સાહન આપવા મતદાતાઓ પાસેથી મત આપ્યા બાદનો ફોટો મંગાવવામાં આવ્યો હતો જેને શ્રેષ્ઠ પ્રતિસાદ મળ્યો છે


Hemali-Jayesh Bhadasia


Naresh-Jyotsna



Rushabh-Aanal Bhansali


Kaushik-Upasana Shah


Priyanka Vora



Chitra Kamath


Bhavya Koticha


Nilofar Dalal


Disha Mehta


Dhananjay Keer


Priyal Domadia



Priyal Panchamia


Harsh Vora


Hema Mota



Akshay Shah


Henal Parekh


Vishal Dand



Kushal Ajmera


Apurva Shah


Nayan Gala


Darshan Haria


Pankaj Vora


Pratik Modi


Preeti Upadhyay


Shivani Bhanushali


Vipul Joisar


Shweta Shah


Vaishali Pandya


Rushabh Shah


Dharmesh Patel


Shivani Mehta


Bhadresh Vora


Trushen


Chintan Gor


Dr.Manilal Gada


Viren C. Chheda


Bhumika V. Chheda

**facebook.com/thevoiceofghatkopar • instagram-thevoiceofghatkopar • Twitter@vogjatin**

# 'એન' વોર્ડ ઘાટકોપરમાં ૧૧ બેઠકો પર ૩ ભાજપ, ૪ શિવસેના, ૨ એનસીપી, ૨ મનસેના ઉમેદવારો વિજયી (પહેલા પાનેથી ચાલુ)











**જતીન કોઠારી**

મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણી ૨૦૧૭નું પરિણામ ૨૩ ફેબ્રુઆરીએ જાહેર થયું હતું. મુંબઈ સ્તરે શિવસેના ૮૪ સીટો મેળવી સૌથી વધુ બેઠકો મેળવનાર પક્ષ સાબિત થયો હતો. તો ઘાટકોપર 'એન' વોર્ડની ૧૧ સીટોમાંથી ૪ શિવસેનાને, ૩ ભાજપને, ૨ એનસીપીને અને ૨ મનસેને ફાળે ગઈ હતી.

ભાજપના પરાગ શાહ તથા બિંદુ ત્રિવેદી આ ગુજરાતી ઉમેદવારો જીતતા ગુજરાતીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. જ્યારે ઘાટકોપરના દીગ્ગજ પ્રવિણ છેડા કાંટાની ટક્કરમાં પરાસ્ત થતા મોટો અપસેટ સર્જાયો હતો. અપક્ષ લડી રહેલ સ્નેહલ મોરેએ વિજય થયા બાદ શિવસેનામાં પ્રવેશની જાહેરાત કરી હતી. એનસીપીના હારુન ખાનના ધર્મપત્ની જ્યોતિ હારુન ખાન તેમજ પૂર્વ નગરસેવક શિવસેનાના સુરેશ આવડેના ધર્મપત્ની રુપાલી આવડે, મનસેના સંજય ભાલેરાવના ધર્મપત્ની અર્ચના ભાલેરાવ, શિવસેનાના દિપક બાબા હાંડેના ધર્મપત્ની અશ્વિની હાંડે, એનસીપીના રાખી જાધવ અને મનસેના પરમેશ્વર કદમ વિજયી થયા હતા.

ભાજપમાં વિજયનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. પરાગ શાહની વિજય રેલી શનિવાર તા.૨૫ ફેબ્રુઆરીના યોજાશે.




પ્રવિણ છેડા વોર્ડ ૧૩૨થી ચૂંટણી હાર્યા બાદ તેમણે પોતાના ફેસબુક પર ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાયની જાણીતી પંક્તિઓ પેજ પર મુકી હતી. તેઓના પરાજયથી તેમના સંપૂર્ણ કેમ્પ, તેમના મિત્ર વર્તુળ તેમજ ચાહકો અને કાર્યકર્તાઓમાં સોપો પડી ગયો હતો.

# મત જીતવામાં નહીં, સેવા કરી... (પહેલા પાનેથી ચાલુ)

બિરાજમાન રાષ્ટ્રસંત ગુરુદેવ નમ્રમુનિના દર્શન આશીર્વાદ અર્થે કેબીનેટ મિનિસ્ટર શ્રી પ્રકાશભાઈ મહેતા, અગ્રણી શ્રી રમેશભાઈ મોરબીયા સાથે દર્શનાર્થે પધારતાં પૂજ્યશ્રીએ જણાવેલ કે ઘાટકોપરના મત જીતવામાં જીત નથી પરંતુ લોકોની સેવા કરી ખરા અર્થમાં મન જીતવું તે જીત છે. સમાજ પાસે સમજ હોય છે તેને યોગ્ય અયોગ્યનો ભેદ પારખતાં આવડે છે. તમારી યોગ્યતાને પૂરવાર કરવા તમારે સેવા દ્વારા પરસેવો પાડીને કર્મયોગી બનવું પડશે. ઘાટકોપરમાં તમારે સેવાયોગી બની ઉપયોગી થવું જોઈએ.

શ્રી પરાગ શાહ છેલ્લાં દસ વર્ષથી સામાજિક કાર્યો અને માનવતા તથા જીવદયાના સત્કાર્યો કર્યા છે. જેમાં મુખ્યત્વે ૬૩૦૦ ( છ હજાર ત્રણસો) થી વધુ આંખના ઓપરેશન્સ, ૧૩૦૦૦ (તેર હજાર) થી વધુ ગરીબ અને અનાથ બાળકોને અનાજ, દવા અને સ્કૂલ ફીની સહાય, ૨૦૦૦૦ (વીસ હજાર)થી વધુ બાળકોને ઉચ્ચ અભ્યાસ અર્થે સહાય કરી એમના ભવિષ્યને ઉજ્જવળ બનાવ્યું છે. આ ઉપરાંત સાધુ-સંતોની સેવા અને વૈયાવચ્ચ માટે પરમ સેવા ધામ, સેવા અને સાધનાના સંકુલો તથા હાલમાં જ ઘાટકોપર ગારોડીયાનગરમાં 'આરાધ્યાજી મેડીકલ સેન્ટર' પણ શરૂ કર્યુ છે.

માનવ સેવા અને સમાજ સેવા સાથે જીવદયામાં પણ અગ્રેસર એવા શ્રી પરાગ શાહ એ સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર, ઓરિસ્સા અને રાજસ્થાનની ૩૨૨ (ત્રણસો બાવીસ) થી વધુ પાંજરાપોળોના વિકાસ અર્થે કરોડોનું અનુદાન આપ્યું છે.

વિજયી શ્રી પરાગ શાહે પોતાનો ભાવ રજુ કરતાં જણાવ્યું છે કે તેઓશ્રી જે બોલશે તે કરશે અને જે કરી શકશે તે જ બોલશે. દેવનાર જેવા કતલખાનાઓમાં કત્લ થતાં લાખો જીવોને બચાવવા પ્રામાણિકપણે પ્રયાસો કરશે તથા ઘાટકોપરના દરેક વિસ્તારમાં વિકાસ લાવવાનો પુરુષાર્થ કરશે. શ્રી પરાગભાઈ શાહને જીતાડવામાં ઘાટકોપરના ભાજપ કાર્યકરો તથા સર્વ સમાજના અગ્રણીઓએ દિનરાત ખડેપગે મહેનત જહેમત ઉઠાવેલ.

નિ:સ્વાર્થ સેવાભાવી, પરોપકારી શ્રી પરાગ શાહના વિજયને સર્વ જ્ઞાતિના લોકોએ હર્ષનાદથી વધાવ્યો છે.

પંચગની હવા ફેર
પ્રકૃતિના સાનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવા ફેર કરવા પધારો
શુધ્ધ સાત્વીક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
રાજલક્ષ્મી આરોગ્યધામ
મુંબઈમાં બુકીંગ માટે સંપર્ક : 08879677709
સંપર્ક માટે સોમવારથી શુક્રવાર બપોરે 1 થી 4

CHALO AMERICA

USA VISA-100% MONEYBACK GUARANTEE
7 DAYS TOUR TO AMERICA
* Pure Veg / Jain Food
* 3/4 Star Hotel
* All Major Sightseeing
* Tour Departs Everyweek From April
RS.99,999/-
MAGIC HOLIDAYS
CELL- 9930250323 / 9769947365/ 022-25670760
Email-magicholidays1972@gmail.com
* Airfare-Visa-Insurance & Tips Extra

# ક્લાસિફાઈડ્સ

## ધંધાદારી

We Provide Office Stationary Printing Like Visiting Cards, Letter Head Envelops, Bills, Challan, Voucher etc... **Contact : Chintan Graphics: 25084463/ 64/65, 9821154326**

ગ્રાફીક ડિઝાયનીંગ તથી ડી. ટી.પી.મલ્ટીકલર કેટલોગ, ફ્લાયર, પોસ્ટર, કમ્પ્યુટર સ્ટેશનરી, ઓફિસ સ્ટેશનરી, વિઝીટીંગ કાર્ડ, લેટર હેડ, એનવેલપ, બીલ, ચલન તથા દરેક જાતના ગુજરાતી, હિન્દી, મરાઠી તથા અંગ્રેજીમાં ગ્રાફીક ડિઝાયનીંગ તથા ડી. ટી.પી.નું કામ વ્યાજબી ભાવે ત્વરીત કરી આપવામાં આવશે. **ચિંતન ગ્રાફિક્સ - ઘાટકોપર (ઈસ્ટ) : 98211 54326, 9833664426**

**ધંધા માટે લોન**

**રૂા.૫૦,૦૦૦થી શરૂ**

નવો વ્યવસાય શરૂ કરવા, નવો માલ/યંત્ર/સામગ્રી ખરીદવા, લીધેલો ઓર્ડર પુરો કરવા. ટ્રિન્ટી વેલ્થકેર - **રોનક શાહ : 9322206534, નીરજ પુરોહિત : 9920043133** (6114)

**Computer Class Ghatkopar (East)**

MS Office, Tally Rs.1500, Photoshop, Corel Rs. 2000, Autocad Rs. 5000, ICT Rs.3000. **Chintan Sir - 80975 09493** (6125)

વાર્ષિક ફીક્સ ડિપોઝીટના ૧૧% વ્યાજ, પાંચ વર્ષ માટે ફીક્સ ડિપોઝીટ દર મહિને ઈન્કમ, એજન્ટો જોઈએ છે. ઘાટકોપર/ મુલુંડ બ્રાન્ચમાં (પેન્શન મળશે) તમારા સમયે/ તમારા એરીયામાં કમાવવા મળો. **9930803959, 9930106054** (B-6108)

**આયુર્વેદિક પથરી (સ્ટોન) દવા**

સાઈડ ઈફેક્ટ વગર ખૂબજ ફાયદાકારક આયુર્વેદિક પથરીની દવા મળશે. **અનિલભાઈ - 98696 50278.** (B-0000)

## આરોગ્ય

**શું આપ ઓછું સાંભળો છો?**

કાનમાં ન દેખાય તેવા બધી જ જાતના કોઈપણ ઉંમર માટે, કોઈપણ પ્રકારની સાંભળવાની તકલીફ માટે શ્રવણ યંત્રો મળશે. દુનિયાની અત્યાધુનિક ટેકનોલોજી સિમેન્સના ઓથોરાઈઝડ ડીલર. ૨૭ વર્ષથી હીયરીંગ ડીલર્સમાં વિશ્વસનીય **સાઈ સૂર કલીનીક,** એ-૮, જલારામ આશિષ, કૃષ્ણા હોટલની બાજુમાં, દેવિદયાલ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦. ૧૧-૧૨-૨૦૧૬ થી શોપ નં.૨૬, આર-ગેલેરીયા, રૂનવાલ ગ્રીન, મુલુંડ ગોરેગાવ લીંક રોડ, ફોર્ટીસ હોસ્પિટલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ). મુંબઈ-૮૦. **9323827600, 9821479837, 9321159212** (B-6115)

Sai Ayurved Body Massage Home to Home Service **Call : 9769669301** (6128)

## જગ્યા સંબંધી

**ભાડાનાં સ્પેશિયાલીસ્ટ**
**ઘાટકોપરથી ચેમ્બુરમાં**
**રેસીડેન્શીયલ/કમર્શિયલ**
**રૂા.૧૮,૦૦૦થી રૂા.૧,૫૦,૦૦૦**
**સુધી આપવા લેવા માટે**
**ચિંતન દેસાઈ**
**શ્રી મહાલક્ષ્મી રીઅલટર્સ**
**9321234567**

**મુલુંડ (વેસ્ટ) 2 BHK**

સર્વોદય નગરની બાજુમાં, ૮૯૦ સ્કે.ફુટ, ૧.૩૦ લાખ લીફ્ટવાળી બિલ્ડીંગ. **રિદ્ધી સિદ્ધી પ્રોપર્ટીઝ : દિપેશ સેજપાલ - 93210 26061 / 99302 62237** (6113)

## મનોરંજન

કોઈપણ જાતના મ્યુઝીકલ પ્રોગ્રામ માટે **વર્ષા ઠક્કર** અને **ચેતન સરવૈયા સંપર્ક : 9619696591, 9869359017** બીન-વારીસની પ્રાર્થના, સંગીત ટોટલી ફ્રી કરી આપવામાં આવે છે(6116)

## મહિલા માટે

HD Makeup Rs.6000/- **Call : 9768023551**

**2 + 1 FREE**

H.D. મેકઅપ હેરસ્ટાઈલ મીસલુક-૯૯૯ ઉટોન બ્લીચ વેક્સ સ્કીન ટાઈનીંગ ફેશીયલ-૯૯૯, બ્રાઈડલ પેકેજ કાન નાક ચીપકાવો. **એક્તા કારીયા : 9867094908, 8879833543** (6112)

**ELECTRICIAN & GAS**

Do Your Society Need Rewiring Meter Cabin Three Phase Connection. Name Change Electric Mahanagar Gas

**Mob.: 9819088826**

## શૈક્ષણિક

**Talent Mantra Ghatkopar (East)**

ABACUS, Hand Writing Art & Craft, Drawing, Calligraphy, Vedic Maths, Career Counseling, DMIT Mid Brain Activations. **Contact : 9987259335** (CH-6119)

## ટુર અને ટ્રાવેલ્સ

**પિકનિક**

ગ્રેટ એસ્કેપ, ઈમેજિકા, રોયલ ગાર્ડન, સાયલન્ટ, એસ્સલ વર્લ્ડ, વેટ એન જોય એન્ડ વગેર (ગ્રુપ કે લિયે પ્રાઈવેટ રિસોર્ટ ઉપલબ્ધ). **શ્રેયસ : 9930346152** (6121)

**અક્ષરધામ હવાઈયાત્રા**

દિલ્હી, હરીદ્વાર, ઋષીકેશ, મસુરી, મથુરા, વૃંદાવન, આગ્રા, તાજમહલ ૧૪ માર્ચ રૂા.૧૦,૦૦૦. **મણીભદ્ર યાત્રા : 9967788278.** (6129)

## નોકરી સંબંધી

મુલુંડ કેમીકલ ટ્રેડીંગ કંપનીની ઓફીસમાં કેમીકલનું ટ્રાન્સપોર્ટ સંભાળી શકે ને કેમીકલનું માર્કેટીંગ કરી શકે તેવા મેલ/ ફીમેલ જોઈએ છે. **સંપર્ક : 25925020** (6127)

# ચંદ્રેશ પારેખની કલમે....



# ઈશ્વરને ફરિયાદ

એક માણસનો દિવસ બહુ ખરાબ ગયો. તેણે રાત્રે ઈશ્વર જોડે ફરિયાદ માંડી.

માણસે કહ્યું, 'ભગવાન, ગુસ્સે ન થાઓ તો એક પ્રશ્ન પૂછું?'

ભગવાને કહ્યું, 'પૂછ, જે પૂછવું હોય એ પૂછ.'

માણસે કહ્યું, 'ભગવાન, તેં આજે મારો આખો દિવસ એકદમ ખરાબ શું કામ કર્યો?'

ભગવાન હસ્યા. પૂછ્યું, 'પણ શું થયું?'

માણસે કહ્યું, 'સવારે અલાર્મ વાગ્યું નહીં, મને ઊઠવામાં મોડું થયું...'

ભગવાને કહ્યું, 'અચ્છા પછી...'

માણસે કહ્યું, 'પછી મોડું થ તું હતું

એમાં સ્કૂટર બગડી ગયું. માંડ-માંડ રિક્ષા મળી.'

ભગવાને કહ્યું, 'અચ્છા પછી...'

માણસે કહ્યું, 'ટિફિન લઈ ગયો નહોતો, કેન્ટીન બંધ હતી... એક સેન્ડવિચ પર દિવસ કાઢ્યો. એ પણ ખરાબ હતી.'

ભગવાન માત્ર હસ્યા.

માણસે ફરિયાદ આગળ ચલાવી, 'મને કામનો એક મહત્વનો ફોન આવ્યો હતો અને ફોન બંધ થઈ ગયો.'

ભગવાને પૂછ્યું, 'અચ્છા પછી...'

માણસે કહ્યું, 'વિચાર કર્યો કે જલદી ઘરે જઈ અઈ ચલાવીને સૂઈ જાઉં, પણ ઘરે પહોંચ્યો તો લાઈટ ગઈ હતી. ભગવાન, બધી તકલીફ મને જ. આવું કેમ કર્યું તેં મારી સાથે?'


ભગવાને કહ્યું, 'જો, મારી વાત શાંતિથી સાંભળ. આજે તારી ઘાત હતી. મારા દેવદૂતને મોકલીને મેં એ અટકાવી. અલાર્મ વાગે જ નહીં એમ કર્યું. સ્કૂટરમાં એક્સિડન્ટ થવાનો ભય હતો એટલે સ્કૂટર મેં બગાડ્યું. કેન્ટીનના ખાવાથી ફૂડ-પોઇઝન થઈ જાત. ફોન પર મોટા કામની વાત કરનાર પેલો માણસ તને મોટા ગોટાળામાં ફસાવી દેત. એટલે ફોન બંધ થયો. તારા ઘરે સાંજે શોર્ટ સર્કિટથી આગ લાગત અને તું ખ્દમાં સૂતો હોત એટલે તને ખબર જ ન પડત. એટલે મેં લાઇટ જ બંધ કરી ! હું છુંને, તને બચાવવા જ મેં આ બધું કર્યું.'

માણસે કહ્યું, 'ભગવાન, મારી ભૂલ થઈ. મને માફ કરો. આજ પછી ફરિયાદ નહીં કરું.'

ભગવાન બોલ્યા, 'માફી માગવાની જરૂર નથી, પરંતુ વિશ્વાસ રાખ કે હું છું. હું જે કરીશ, જે યોજના બનાવીશ એ તારા સારા માટે જ હશે. જીવન માં જે કંઈ સારું-ખરાબ થાય એની સાચી અસર લાંબા ગાળે સમજાશે. મારા કોઈ કાર્ય પર શંકા ન કર, શ્રદ્ધા રાખ. જીવનનો ભાર તારા માથે લઈને ફરવાને બદલે મારા ખભે મૂકી દે. હું છુંને.' ક્ષ

# બહેનશ્રીના વચનામૃત

**- સંકલન વિજય બોટાદરા**




– એક એક દોષને ગોતી ગોતીને ટાળવા નથી પડતા. અંદર નજર ઠેરવે તો ગુણરત્નાકાર પ્રગટે અને બધા દોષનો ભૂકો બોલી જાય. આત્મા તો અનાદિઅનંત ગુણોનો પિંડ છે.

– સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે, ' આ આત્મા' એમ પાકો નિર્ણય થાય છે. ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય તો પણ પહેલાં વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે.

– ચૈતન્યપરિણતી તે જ જીવન છે. બહારનું તો અનંત વાર મળ્યું, અપૂર્વ નથી, પણ અંદરનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે. બહાર જે સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માનવાનું છે.

## ધંધાદારી

**પ્રિન્ટીંગ**

ખબરપત્રિકાની ક્વોટર, હાફ, ફુલ પેજ જાહેરાતો, વિઝીટીંગ કાર્ડ, બિલબુક, ચલનબુક યોગ્ય દરે પ્રિન્ટીંગ કરીને મળશે. **સંપર્ક : જીતેન્દ્ર - : 9833548120.** (0000)

**JJC Rajwadi**

C/o. Shop No. 23, Morar Baug, 60 Feet Road, Opp. Standard Chartered Bank, Ghatkopar (E), Mumbai-400 077. Email: rajwadisagpan@gmail.com

રજવાડી સગપણ માહિતી કેંદ્ર

**લગ્નોત્સુક યુવક-યુવતી માટે**

આજકાલ લગ્નોત્સુક યુવક યુવતી માટે યોગ્ય જીવનસાથીની શોધ વડીલો માટે સમસ્યારુપ થઇ ગઇ છે. જેજેસી રજવાડી ગ્રુપ આ દિશામાં આશાનું એક કિરણ લઇ આવે છે. અમારા ગ્રુપમા રજીસ્ટ્રેશન કરાવો. અમારી ઓફિસમાં આવીને યોગ્ય પાત્રની વિગત પ્રાપ્ત કરો. રજીસ્ટ્રેશન બાદ આપ ન આવી શકો તો પણ યોગ્ય પાત્રના તમને ઇમેલ મળતા રહેશે. તેમજ ડિવોર્સી યુવક યુવતી માટે પણ આ જ રજવાડી સગપણ ગ્રુપ દ્રવારા મોટી સંખ્યામાં વિગત રાખેલ છે. તેઓ પણ રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

**અમારા ગ્રુપમાં નામ નોંધાવવા માટે :**

૧. યુવક/યુવતીના બે ફોટા તથા બાયોડેટા
૨. રજીસ્ટ્રેશન ફી રૂ.૫૦૦
૩. માત્ર જૈનો જ રજીસ્ટ્રેશન કરાવી શકશે

સમય સવારે ૧૧.૦૦ થી ૪.૦૦ (ગુરુવાર સિવાય)
સંપર્ક : અનીતાબેન - ૯૯૩૦૩૩૪૬૨૮, સુરભીબેન - ૭૫૦૬૩૬૩૬૯૬
ઓફિસ : ૦૨૨-૨૧૦૨૫૦૯૦

# રામજી આસર શાળાની એક સમી સાંજ વીર જવાનોના નામ

ઘાટકોપર ઈસ્ટમાં આવેલી ૧૦૫ વર્ષના કબીર વડલા સમી રામજી આસર વિદ્યાલય ગુજરાતી શાળાના સેમી અંગ્રેજી માધ્યમના બાળમંદિર અને પ્રાથમિક વિભાગના કુલ ૧૨૫ બાળકોએ બુધવારે તા.૧૫મી ફેબ્રુઆરીએ શાળાના રૂઈયા હોલમાં Soldiers-The Pride of India આ અંગ્રેજી નૃત્યનાટિકા આકર્ષક રીતે રજૂ કરી પ્રેક્ષકોને ભાવવિભોર કરી મૂક્યા હતા.

સંસ્થાના મેનેજમેન્ટના સાથ સહકારથી બાળમંદિરથી જ સેમી અંગ્રેજી માધ્યમની શરૂઆત કરાઈ છે. ગુજરાતી ભણતરની સાથે જ કડકડાટ અંગ્રેજી સંવાદો બોલતા બાળકોને સાંભળી પ્રક્ષકો પ્રભાવિત થઈ ગયા હતા. માતૃભાષાની આંખે અને અંગ્રેજીની પાંખે બાળકોને સર્વોત્તમ શિખરો સર કરાવનાર રામજી આસર શાળા ઘાટકોપરની અન્ય ગુજરાતી માધ્યમની શાળાઓમાં અગ્રેસર છે.

દેશની સીમાઓ પર રહી પોતાના ગામ, ઘર અને પરિવારને ભૂલી આપણા આનંદ, સુખ અને સુરક્ષા માટે પોતાના આનંદ, સુખ, ભૂખ, ઊંઘ અને વાર-તહેવાર ભૂલી આપણું અને દેશનું રક્ષણ કરનારા સંરક્ષક બનનાર વીર સૈનિકોનું જીવન કેવું હોય છે? તે વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરનાર જીવનગાથા આ અંગ્રેજી નૃત્યનાટિકા દ્વારા રજૂ કરવામાં આવી હતી. શાળાના શિક્ષકોના સહકારથી બાળકો દ્વારા ભજવાયેલી નૃત્યનાટિકા ખૂબ પ્રશંસનીય બની હતી.

આ કાર્યક્રમ જોવા અને માણવા આવનાર આમંત્રિત મહેમાનો, દાતાઓ, સંસ્થાના પ્રમુખ શ્રી ધીરુભાઈ મહેતા, માનદ્‌મંત્રી શ્રી દેવેન્દ્રભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી વિઠ્ઠલભાઈ ભાટિયા, વાલીમંડળના પદાધિકારીઓ, શિક્ષણ વિભાગના નિરીક્ષક શ્રી વિજય જાધવસર, પવઈના અક્ષરધામ સ્વામીનારાયણ મંદિરના પ્રમુખ ગુરુ શ્રી ભરતભાઈ મહેતા તેમજ તેમના સાધક અને સાધ્વીગણ, સિનિયર સિટિઝન ફોરમ, ઘાટકોપરના શ્રી મહેન્દ્રભાઈ કટકિયા ઈત્યાદિઓને કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓની પ્રશંસા અને વાહ વાહ કરી હતી. વોઈસ ઓફ ઘાટકોપરના તંત્રી શ્રી જતીનભાઈ કોઠારીએ પણ કાર્યક્રમને બિરદાવ્યો હતો.

મુંબઈના એલ,એમ અને એન વોર્ડના શિક્ષણ વિભાગની ૭૭ શાળાઓના શિક્ષણ નિરીક્ષક શ્રી જાધવસરે રામજી આસર શાળાના અને તમારા બાળકો ખૂબ જ ભાગ્યશાળી છે કે તમોને રામજી આસર જેવી શાળા મળી છે. અન્ય ગુજરાતી શાળાઓમાં આ એક જ એવી શાળા છે કે સૌથી મોટી છે. આ શાળાના કાર્યક્રમ જેવું પ્રસ્તુતીકરણ બીજે ક્યાંય જોવા મળ્યું નથી. બાળકો ખૂબ સુંદર અંગ્રેજી બોલે છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા. આચાર્યા શ્રીમતી ભાવનાબેન આઈયાને પણ સૌ ખૂબ ખૂબ ધન્યવાદ આપ્યા હતા.

પવઈના સ્વામી નારાયણ મંદિરના પ્રમુખ ગુરુ શ્રી ભરતભાઈએ પણ વિદ્યાર્થીઓની પ્રશંસા કરતા કહ્યું હતું કે આપણે અહીં સર્વે સુખ સુવિધાઓમાં રહીએ છીએ પણ સીમા પર રહેનારા સૈનિકાના જીવનને સુંદર રીતે આ બાળકોએ પ્રસ્તુત કર્યું છે. આપણો સૌનો દૃષ્ટિકોણ બદલ્યો છે, સૌને વિચાર કરતા કર્યા છે. આ કાર્યક્રમમાં રજૂ કરેલી હિંદી કવિતાએ તો આંખમાં ઝળહળિયા લાવી દીધા, એટલી સુંદર હૃદયસ્પર્શી કવિતા હતી.

કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા આમંત્રિત મહેમાનો દ્વારા કેટલાક ઈનામ જાહેર કરવામાં આવ્યા. સિનિયર સિટિઝન ફોરમ ઘાટકોપરના શ્રી મહેન્દ્રભાઈ કટકિયાએ કુલ ૧૨૫ વિદ્યાથી દીઠ રૂા.૧૦૦/-નું ઈનામ જાહેર કર્યું. સંસ્થાના પ્રમુખ શ્રી ધીરુભાઈએ રૂા.૧૦,૦૦૦/- ઈનામ રૂપે જાહેર કર્યા.

કાર્યક્રમનું સમાપન સેલ્યુટ બ્યુગલ વગાડી જવાનોને સલામી આપી કરવામાં આવ્યું.

'આઓ જુક્કર કરે સલામ ઉન્હે, જીનકે હિસ્સે મેં યે મુકામ આતા હૈ, કિતને ભાગ્યવાન હૈ વો લોગ, જીનકા જૂન વતન કે કામ આતા હૈ'









## આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે નવી મુંબઈ કોમોડીટીઝ બ્રોકર્સ એન્ડ ટ્રેડર્સ એસોસીએશન દ્વારા મહિલાઓ માટે, મહિલાઓ દ્વારા યોજાશે વિશિષ્ટ કાર્યક્રમ

આંતર રાષ્ટ્રીય મહિલા દિનને અનુલક્ષીને'મહિલા ગૌરવ એવોર્ડ' દ્વારા મહિલાઓને સન્માનિત કરવાનો એક વિશિષ્ટ કાર્યક્રમ શનિવાર તા. ૪- માર્ચ-૨૦૧૭ના બપોરે ૩ કલાકે ગ્રોમા હોલ ,નવી મુંબઈ સ્થળે , નવી મુંબઈ કોમોડીટીઝ બ્રોકર્સ એન્ડ ટ્રેડર્સ એસોસીએશન દ્વારા યોજાશે. બજાર સાથે સંકળાયેલા વિવિધ ઘટકોના પરિવારની ૨૫૦ બહેનો ( ૧૮ વર્ષથી ઉપર) ને 'વહેલો તે પહેલો'ના ધોરણે ઈનામ,સાથે યાદગાર મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવશે. ઉપરાંત ડોકટર્સ, એંજીનીયર્સ વગેરે તેમજ કોઈ ક્ષેત્રમાં વિશેષ સફળતા પ્રાપ્ત આ બહેનોનું પણ વિશિષ્ટ બહુમાન કરવામાં આવશે.આ યાદીમાંથી ડ્રોમાં વિજેતા નીવડેલ પાંચ બહેનોને સંસ્થા દ્વારા યોજાતા વાર્ષિક પ્રવાસમાં વિના મૂલ્ય સફર કરવાનો મોકો મળશે.૭૫ વર્ષથી મોટી ઉંમરની વરિષ્ઠ મહિલાઓનું પણ અભિવાદન કરવામાં આવશે.

જેની પૂરી વિગત સંસ્થાની ઓફિસે ડી-૧૩ મસાલા માર્કેટમાં તા. ૨૫-૨-૨૦૧૭ સુધી પહોંચાડવી જરૂરી છે. આ કાર્યક્રમના એક ભાગ રૂપે મહિલાઓ દ્વારા 'ભૂલે બીછડે ગીતો' નો કાર્યક્રમ પણ મહિલાઓ દ્વારા જ રજૂ કરવામાં આવશે.કાર્યક્રમની પૂરક વિગતો નવી મુંબઈ કોમોડીટીઝ બ્રોકર્સ એન્ડ ટ્રેડર્સ એસોસીએશનના ચેરમેન શ્રી અરૂણ ભીંડે ( ૯૦૦૪૯૮૮૦૧૦ અથવા ૨૭૬૬૧૦૫૧, ૨૭૬૬૪૪૪૯) ના સંપર્કથી મેળવી શકાશે.

Be SMART...!

Save Rs.1,00,000 per Annum for just 12 years...!

You get guaranteed Rs.1,75,000 TAX FREE Income per annum for 12 years, from 14th to 25th year. Plus a Maturity Amount of approximately Rs.4,50,000/- to Rs.5,00,000/- on Maturity.

OR

Pay Rs.1,00,000/- for 12 years and get two maturities in the 24th & 25th years of Rs.16,50,000/- each. Total returns of Rs.33,00,000/- absolutely TAX FREE.

Plus a Life cover of 11 lacs.
Tax Benefit under Section 80 C and
Tax Free Returns u/s 10 (10D) of Income Tax Act.

For further details please contact me 8655185667

# Reflection NX 2016-17

Reflection NX, is the annual fashion show of the 3rd year Fashion design students of Swadhar Career institute, a unit of Smt. P.N.Doshi women's college, NAAC reaccredited "A" grade. The course is reaching its pinnacle with about 200 students enroled due to unconditional support from the respected trust members, outstanding guidance from our Principal Dr. S. Kumudhavalli and continuous valuable inputs from our coordinator Mrs. ManeeshaPandit, also the vice principal of Junior college. The fashion course & syllabus is constantly upgraded to match the needs of todays industry by well qualified faculty Mrs. Kinnari Thakkar & Mrs. Riya Mehra.

The Fashion design course is a 3 yr Advanced diploma, whereby the students learn theoretical and practical implications of the subject. Different topics like Fashion illustration, ColourTheories, Drafting, Pattern making, Sewing, Haute Couture finishes, Textiles, Embroidery, Merchandising, etc are taught to facilitate the student with complete know-how of the fashion industry. Students also undergo computer aided designing to be abreast with the changing world and to befit any opportunity.

In third year graduating students put together a fashion show "Reflection NX "whereby they come in touch with the hard core reality and the whereabouts of the actual garment makers. e.g. Masters, karigars, embroiderywalas, dyers, printers, and many more people who are responsible to actualize their creation of paper on to the perfect looking ensemble on the model. They also get an insight about the organization of a fashion show. Selection of models, practice sessions, ramp walk, sequence setting, music coordination, choreography, model makeup, and fashion shoots, write up of profiles and their collections, and finally achieve the complete look when the show is presented.















Dinesh Ramani's
RA academy
Results Assured..... Always
Group Tutions for VII to X
IGCSE | IB | ICSE | CBSE
In association with Mumbai's No.1 Tutors
Pay for 1 year & avail coaching for the 2nd year@50% of the 1st year fees
To avail this offer, Student has to enroll for any 3 subjects of IGCSE/ICSE (Grade 7 to 10) in a group of 3 or more
• Offer Valid for a limited period & for the first 20 enrollments only
• Not more than 10 students per batch
• Exclusive batch for your group on request
• FREE Demo Lectures for your group on request
Office no. 114, ZEST Business Spaces (ZBS), M.G. Road, Next to Doshi Nursing Home, Ghatkopar (E), Mumbai – 400077.
Call : 8879 431 222 (11am to 6 pm on weekdays)
Visit : www.raacademy.in

શું તમે ઘાટકોપરમાં પ્રોપર્ટી શોધી રહ્યાં છો?
GHATKOPAR REAL ESTATE ASSOCIATION
Find Best Properties of Ghatkopar through
GREA
"Unity is our strength"
www.ghatkoparrealestateassociation.com
POST PROPERTY
LEAVE AN ENQUIRY
DOWNLOAD FORM
પ્રોપર્ટી લેવા-વેચવા વેબસાઈટની જરૂર મુલાકાત લો
GREA સાથે સંકળાયેલ તમામ બ્રોકર્સની પ્રોફાઈલ કોન્ટેક્ટ નંબર સાથે વેબસાઈટ પર ઉપલબ્ધ છે.


ભારતીય જનતા પાર્ટી
આપની
જીતનો
ગર્વ છે
મહાનગરપાલિકા ચૂંટણી ૨૦૧૭માં
ઘાટકોપરથી ચૂંટાઈ આવનાર
ભાજપના ગુજરાતી ઉમેદવારો
શ્રી પરાગભાઈ શાહ અને
શ્રીમતી બિંદુબેન ત્રિવેદીને
ખુબ ખુબ શુભકામના
શુભેચ્છક : જિજ્ઞેશ બાબુલાલ પટેલ (ચૌહાણ)

# વર્લ્ડ જીમ દ્વારા આયોજિત ફ્રી ફીટનેસ વીકને ભવ્ય પ્રતિસાદ















WORLD GYM

વર્લ્ડ જીમની છઠ્ઠી એનીવર્સરી નિમિત્તે આ વર્ષે પણ વર્લ્ડ જીમનાં ડાયરેક્ટર વિવેક પારેખએ ફ્રી ફિટનેસ વીકનું આયોજન કર્યું હતું. જેનું ઉદ્‌ઘાટન ફિટનેસ જગતનાં જાણીતા સેલિબ્રીટી અર્પિતા રણદીપે અને વર્લ્ડ જીમના ડાયરેક્ટર ચંદ્રેશ પારેખ, વિવેક પારેખ અને માનસીએ દીપ પ્રાગટ્ય કરી આ ફીટનેસ વીકની શરૂઆત કરી હતી.

આ ઉપરાંત આરકીડ કમ્પલીટ મેકઓવરનાં માલિક રશિદા કાપડીયાએ ટોટલ પર્સનાલિટી ડેવલપમેન્ટ પર સેમિનાર કર્યો હતો.

આ ફિટનેસ વીક નિમિત્તે વર્લ્ડ જીમ દ્વારા ચાલતું ગ્રુપએક્સ સ્ટુડીયોમાં ફિટનેસને લગતા અલગ અલગ ક્લાસ જેવા કે ઝુમ્બા, પાવર યોગા, પાયલેટ્સ, સ્પીનીંગ, બોલીવુડ ડાન્સ, ફંક્શનલ ટ્રેનિંગના રોજનાં એક એક કલાકના ૮ ક્લાસ લેવામાં આવતાં હતાં. આ ક્લાસમાં ફીટનેસનાં એક્સપર્ટ દ્વારા લોકોને નિઃશુલ્ક ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ ઉપરાંત ફિટનેસ એક્સપર્ટએ વેઈટ ગેઈન, વેઈટ લોસ, ડાયેટ, એક્સરસાઈઝીંગ ટેક્નીક્સ વગેરે પર સેમિનાર યોજી લોકોને ફિટનેસ અંગેની જાગૃતિ માટે માહિતી આપવામાં આવી હતી. વર્લ્ડ જીમની ડાયટેશીયન રિદ્ધી પટેલએ ડાયેટ રેસીપીનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન લોકોને બતાવ્યું હતું અને આ ઈવેન્ટમાં ૮ દિવસમાં ૯૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો.

આ ઈવેન્ટનાં છેલ્લા દિવસે મેનેજમેન્ટએ વર્લ્ડ જીમનાં મેમ્બર અને સ્ટાફ માટે એનિવર્સરી પાર્ટીનું આયોજન કર્યું હતું. વર્લ્ડ જીમનાં ડાયરેક્ટર ચંદ્રેશ પારેખએ જણાવ્યું કે આ ફીટનેસ ઈવેન્ટ દ્વારા લોકોમાં હેલ્થી લાઈફસ્ટાઈલ માટે જાગૃતિ આવે તે માટે યોજવામાં આવેલ. આ મહિનાનાં અંતમાં મેમ્બરોને ૩૦ ટકા ડિસ્કાઉન્ટની ઓફર પણ રાખવામાં આવેલ છે.






















Chandreshbhai Parekh

ANJAL & AVSAR

FREE MATRIMONIAL SERVICES

*Initiative by Parekh & Sodha Family*



Jayendrabhai Sodha

SERVICE IS AVAILABLE FOR GUJRATI COMMUNITIES LIVING IN INDIA & ABROAD FOR AGE GROUP FROM 21 to 51. WE HAVE SEPRATE DATA FROM DIVORCESS ALSO. WE HAVE 7000 PROFILES OF BOYS & GIRLS AT GHATKOPAR & SANTACRUZ CENTRE.

Gurukul School, Ghatkoapar (E), Mumbai - 400 077.
Timings : Every Saturday 4.00 - 6.00 pm
Contact : 022 - 25017746 / 47 / 9869009363

REGISTRATION FORMS AVAILABLE

*In association with :*

Being human is given. But keeping our humanity is a choice.

WORLD GYM | PLAN X fitness | GSS GHATKOPAR SOCIAL SERVICE | Planet & Vaidya's ENTERTAINMENT EVENTS & WEDDING PLANNER


ભાજપાની સુવર્ણ જીતના
આપ બન્ને ઉમેદવારો
શીલ્પી છો... મનપા ચૂંટણીમાં
ભવ્ય વિજય બદલ શુભકામના
શ્રી પરાગભાઈ શાહ અને
શ્રીમતી બિંદુબેન ત્રિવેદીને
હૃદયપૂર્વક શુભેચ્છા
શુભેચ્છક : શ્રી ધર્મેશ ભુપત ગીરી (ભાજપા મુંબઈ સચિવ)

જૈન સમાજની વધારી શાન...
ઘાટકોપરમાં મેળવ્યું અનેરૂ માન...
આપની મનપા ચૂંટણીમાં જીત...
ઘાટકોપરની વિકાસ દિશા થઈ છે નિશ્ચિત...

# 'નગરસેવક'

## શ્રી પરાગભાઈ શાહને ભવ્ય વિજય બદલ

# હાર્દિક શુભકામના

-: શુભેચ્છક :-

| | |
|---|---|
| કિર્તીભાઈ કોઠારી | લલીતભાઈ ઠક્કર |
| મુકેશભાઈ કામદાર | ભરતભાઈ જસાણી |
| અનિલભાઈ સુતરીયા | અશોકભાઈ તુરખીયા |
| બિપીનભાઈ સંઘવી | દર્શકભાઈ રૂપાણી |
| મનસુખભાઈ કોઠારી | છાયાબેન કોટીચા |



Designed by : VOG - 9022279684

# શું આપને વોઈસ ઓફ ઘાટકોપરમાં જાહેરાત આપવી છે?

નવા વર્ષમાં નવી શરૂઆત

# વોઈસ ઓફ ઘાટકોપર હવે ડિજીટલ

ઘરબેઠાં એડ બુક કરો

## ક્લાસિફાઈડ જાહેરાતનું ફોર્મ ભરી અમને 9022279684 વોટ્સએપ કરો

મુલુંડ ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટરનું.... **વોઈસ ઓફ ઘાટકોપર**

**ક્લાસિફાઇડ જાહેરાત ફોર્મ**

ક્લાસિફાઇડ દર : ઓછામાં ઓછા ૧૫ શબ્દો સુધી રૂા. ૫૦/-. પ્રત્યેક વધારાના શબ્દ દીઠ રૂા. ૪/-. હેડિંગના રૂા. ૧૦/- અલગ લાગશે. હેડિંગના શબ્દો પણ ગણવામાં આવશે.

હેડિંગ : ____________________

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

કુલ શબ્દો : ______ નામ તથા મોબાઈલ નંબર : ____________ ઇસ્યુ નંબર ☐

હેડિંગ : હા / ના કુલ રૂપિયા ☐

☐ લગ્ન સંબંધી ☐ આરોગ્ય ☐ મહિલા માટે ☐ જગ્યા સંબંધી ☐ મનોરંજન
☐ શૈક્ષણિક ☐ ધંધાદારી ☐ મિઠાઈ-ફરસાણ ☐ બ્યુટિ પાર્લર ☐ ટુર અને ટ્રાવેલ્સ
☐ વાહનો સંબંધી ☐ નોકરી ☐ સામાજીક-ધાર્મિક ☐ વેકેશન સ્પેશયલ

રીમાર્ક : ____________

**STEP - 1**

અહીં આપેલુ ફોર્મ ભરો

**STEP - 2**

ફોર્મનો ફોટો પાડી 9022279684 નંબર પર વોટ્સએપ કરો

**STEP - 3**

વોટ્સએપ કન્ફર્મેશન નોંધી લો

**STEP - 4**

આપનું પેમેન્ટ

Paytm freecharge

9022279684 પર મોકલો

પે ટીમ અથવા ફ્રી ચાર્જથી પેમેન્ટ કરો

નોંધ : ક્લાસિફાઈડ ડિસ્પલે જાહેરાત ફોટો પાડીને મોકલી, જે રકમ જણાવવામાં આવે તે મુજબ પેટીએમ કે ફ્રીચાર્જ પર પેમેન્ટ કરવાનું રહેશે સંપૂર્ણ પેમેન્ટ એક સાથે કરવાનું રહેશે.

**ક્લાસિફાઈડ જાહેરાત માટે કેશ અથવા ચેક ઓફિસ એડ્રસ પર પણ સ્વીકારવામાં આવે છે.**

**એડ્રસ : એ-૧૮, મોનાણી સદન (ભુજબળ નિવાસ), ભારત બેંકની સામે, જે.એન.રોડ, મુલુંડ(વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.**

*શરતોને આધિન

# નિષ્ઠાવાન નગરસેવિકાની યાદ

બી.એમ.સી.ની ચૂંટણી ઊંબરે આવીને ઊભી છે અને દરેક પક્ષ પોતાના ઉમેદવારના પસંદગીમાં રસાકસી કરી પ્રચારની તડામાર તૈયારી કરી રહ્યા છે ત્યારે ટેક્સીમાં એક ભાઈ (હિંદીમાં) કહે કે બસ ઈલેક્શન આવી રહ્યું છે. ઈલેક્શન પછી બધા નેતાઓ માલા માલ અરે પૈસા ન મળતા હોય તો કોણ આવી ચૂંટણીની જંજટમાં પડે તેણે કહ્યું (નેતાનું નામ દઈને) હું મારી દીકરીના એડમીશન માટે ગયો મને લેટર આપ્યો પણ તેનું કાંઈ જ થયું નહિ પછી મારી દીકરી કહે તમે પૈસા આપો તો કામ થશે પછી બીજા નેતાએ મારું કામ કરી આપ્યું નામ દઈને તેમણે કહ્યું કે આ નેતા કહે છે કે મારી પાસે કાર નખી અરે બાબા જુઠ બોલને કી ભી કોઈ સીમા હોતી હૈ અને તેઓ ઘણી બળાપો કાઢતા હતા.

આ બધુ ચૂપચાપ સાંભળતી હતા ત્યારે મને મનોમન મારી પ્રિય સખી અને નિષ્ઠાવાન નગરસેવિકા ડૉ.મૃદુલાબહેન શાહ યાદ આવ્યા તેઓ ૯૭થી ૨૦૦૨માં ઘાટકોપર ઈસ્ટમાંથી ચૂંટાઈને આવ્યા હતા તેમના ચૂંટણી પ્રચાર વખતે ઘેર ઘેર લોકોને મળ્યા હતા અને ઘણીવાર લીફટ બંધ હોય તો સાત આઠ માળ ચડી ને પણ જતા કારણ કે મૃદુલા બહેનની કર્તવ્યનિષ્ઠા પર પૂરો વિશ્વાસ હતો અને તેમની નીતિમત્તા માટે લોકોને છાતી ઠોકીને કહી શકતા હતા.

તેઓ ઘાટકોપરના જાણીતા પરિવારના દીકરી અને પૂત્રવધુ હતા નાનપણથી ધર્મના સંસ્કારનું સિંચન તેમના જીવન પર હતું. તેમના પર પાંડુરંગ શાસ્ત્રીના વિચારોની ઘણી અસર ભક્તિ ફેરી જે સતસંગમાં ગામે ગામે જતા સ્ત્રી સશક્તિકરણમાં માનનારા સ્ત્રી હક્કને સ્રીમતમાં માનનારા તેઓ ઓલ ઈંડિયા વિમેન્સ ઓરેગનાઈઝેશન સાયન વડાલા શાખાના પ્રમુખ હતા જે સીસ લાયનસ કલબમાં સક્રિય અને મોભાનું સ્થાન ધરાવતા હતા. ઓલ ઈંડિયા રેડીયો પર તેઓ ઘણીવાર પોતાનું વક્તવ્ય આપતા હતા અને ટી.વી. એન્લ પર તેમની મુલાકાત લેવાઈ હતી. તેઓ સમાજ સેવાના ભેળધારી જરૂરિયાતમંદ સ્ત્રીઓ હિતમાં ઘણા કાર્યો કર્યા હતા તેમના દરેક કામમાં આડકસાઈ નિતિમત્તા નિયમિતતા કાર્ય કુશળતાના ગુણને કારણે તેઓ અનેક સંસ્થામાં સક્રિય રીતે જોડાયેલા હતા પહેલેથી રાજકરણમાં રસ ધરાવતા તેઓ રાજકરણમાં પ્રવેશ મેળવીને ક્યારેય નીતિમત્તામાં બાંધછોડ કરી નહોતી તેઓ મોટા માથા સામે પણ પણ કાયદા માટે લડ્યા હતા તેઓ બે વર્ષ માટે હેલ્થ ડીપાર્ટમેન્ટના ચેરમેન હતા તેમણે અન્ન ડ્રગ્સના લાયસન્સ આપવાનું ઘણું જ મહત્વનું કાર્ય તેમના શીરે હતું તે કાર્ય તેમણે પૂરી વફાદારીથી કર્યું હતું તેઓ સામાન્ય વ્યક્તિની જેમ હરતા ફરતા તેઓ નગરસેવિકા બન્યા તે પહેલાથી તેમની પાસે મોટર હતી તેમ છતાં પણ તેઓ બસમાં ફરતા અને પહેલેથી જરૂરિયાત પૂરતો ખર્ચ કરતા તેઓ ડૉ. સમાજસેવિકા નગરસેવિકા હોવા છતાં એક કુશળ ગૃહિણી હતા તેઓ માત્ર રસોઈ પાણી નહી પણ ઘરના બધા જ કાર્યમાં પારંગત હતા તેઓના સંપર્કમાં આવનાર બધાને તે સહાય રૂપ થાય તેઓમાં ક્યારે પણ કોઈનું લઈ લેવાની વૃત્તિ નહોતી તેઓ બની શકે તેટલું આપીને રાજી થાય તેઓ રાજકરણમાં હોવા છતાં પોતાના ઘરના અને ધર્મના ઉચ્ચ સંસ્કારને ક્યાંય કાળો દાગ લાગવા દીધી નથી તેઓ અન્ય નેતાઓ માટે આદર્શ બની શકે તેવા હતા તેઓ હંમેશા લોકોનું દેશનું હિત ધ્યાનમાં રાખતા હતા તેમને પોતાના દેશ માટે ગર્વ હતો. તેમની આગવી કાઠાસૂઝને કારણે પોતાના વિસ્તાર ને આગળ વધારવા માટે ખૂબ પ્રયત્નશીલ હતા અને તેથી તેઓને પ્રચાર કરતા પોતાના નક્કર કાર્યોથી લોકોની ખૂબજ પ્રશંસા પ્રાપ્ત થઈ હતી. સાથે સાથે અનેક કાર્યોમાં વ્યસ્થ રહીને પણ પોતાના પરિવારના સભ્યોને બરાબર સંભાળ્યા હતા. ઉચ્ચ સંસ્કારનું સિંચન કયુ છે



અનેક સંસ્કૃતના શ્લોક તેઓને કંઠસ્થ હતા જે તેઓએ પોતાની પૌત્રીઓને પણ કંઠસ્થ કરાવ્યા હતા. તેઓના સંસ્કારને કારણએ જુદા જુદા પરિવારમાંથી આવલી પુત્ર વધુને દીકરીની જેમ રાખી હતી.

તેઓ જીવલેણ બીમારી સામે પણ ખૂબ જ જુમ્યા હતા તેમને ક્યારેય મરવાનો ડર નહોતો તેઓ કહેતા કે હું ભગવાન પાસે જઈશ નેતો ભગવાન મને પાછી નીચે મોકલશે કહેશે કે હજી તારે ઘણા કામો કરવાના છે અને છેક સુધી તેઓ માનસિક રીતે સભાન હતા જતેમાં સમાજ કલ્યાણ અને દેશ દાઝ હતી.

તેમની આગવી સુઝને કારણે તેમણે પરિવારને એક સૂત્રે બાંધી રાખ્યો હતો અને છે પણ આજે તેના સંપર્કમાં આવનારને તેની ઘણી ખોટ સાલતી હશે કારણ કે તેઓ લોકોની સમસ્યાને સમજતા તેના પડખે ઉભા રહેતા સાંત્વન આવફતા આજે જ્યારે બી.એમ. સી.ની ચૂંટણી માથે છે ત્યારે ગર્વપૂર્વક તેનું નામ લઈ શકાય તેવા બહુમુખી પ્રતિભા ધરાવનાર અણિશુધ્ધ નગરસેવિકાની યાદ આવે છે. લોકો તેને યાદ કરી નીતિવાન કાર્યક્રમ નગરસેવિકા સેવકને ચૂંટે જેથી દેશ સાચા અર્થમાં પ્રગતિના પંથે જાય.

– પ્રા.બિંદુ મહેતા


**મરણનોંધ માટે**

મુંબઈના ગુજરાતી સમાચાર પત્રોમાં મરણનોંધ પહોંચાડી આપવામાં આવશે. મરણનોંધ લેટરપેડ પર સ્વીકારવામાં આવશે

સંપર્ક : ૯૮૬૯૦૩૮૦૯૫ ૯૦૨૨૨૭૯૬૮૪


# ગુજરાતી ચિત્રપટના નામ પર લાગેલી ધૂળને વિખેરવાનો સોમૈયા વિદ્યાવિહારનો અનોખો પ્રયાસ



૨૧ ડિસેમ્બર ૨૦૧૭ને મંગળવારના રોજ વિશ્વ માતૃભાષા દિન આવી રહ્યો છે, ત્યારે માતૃભાષા અને તેની સંસ્કૃતિને સતત જાળવી રાખવા અવનવા કાર્યક્રમો સાથે ભાષાને બિરદાવતી વિદ્યાવિહારની ક.જે.સોમૈયા કલા અને વાણિજ્ય મહાવિદ્યાલયના કાલિદાસ સભાગૃહમાં તા.૧૪ ફેબ્રુઆરી ૨૦૧૭, મંગળવાર ને 'વેલેન્ટાઈન્સ ડે' ના દિવસે શ્રી વિપુલ મહેતા દ્વારા લિખિત-દિગ્દર્શિત નવિન ચિત્રપટ 'કેરી ઓન કેસર' ના પ્રમોશનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં નાટ્ય અભિનેતા શ્રી દર્શન જરીવાલા, યુવા અભિનેતા શ્રી રિતેશ મોભ, અભિનેત્રી શ્રી અવની મોદી તેમજ શ્રી કૌશલ મોદીએ અતિથીપદ શોભાવ્યું હતું. તો સાથે વરિષ્ઠ નાગરિક મંડળ, ઘાટકોપરના સભ્યો પણ હાજર રહ્યા હતા.

સૌપ્રથમ આ કાર્યક્રમમાં પધારેલ ચિત્રપટના કલાકારો, નિર્માતાનું સ્વાગત વાજતે ગાજતે ઢોલના નાદઘોષથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત મહાવિદ્યાલયની સંકુલની પ્રાર્થના દ્વારા કરાઈ હતી. બાદ પધારેલ અતિથી તથા પ્રાચાર્યા ડૉ. સુધાબેન વ્યાસના વરદ્ હસ્તે દિપ પ્રજ્વલન કરી સરસ્વતીની વંદના કરી, મહાવિદ્યાલયના વિદ્યાર્થી કુ. સાગર ચોટલિયાએ પરંપરાનુસાર ગીર્વાણવાણી - સંસ્કૃતભાષામાં સૌનું ઉદ્દબોધન કર્યું હતું. પ્રાચાર્યા ડૉ. સુધાબેન વ્યાસે અતિથીઓને શબ્દોના સુમન વડે આવકારતાંની સાથે પ્રેમના પ્રતિક સમા પુષ્પગુચ્છ આપી તેમનું અભિવાદન કર્યું હતું. મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં સાહિત્યને જોડી લઈ નાટક અને ગીતની ભજવણી પણ કરી હતી. જેમાં દર્શન જરીવાલાનો એક નાટ્યાંશ, વિપુલ મહેતા લિખિત-દિગ્દર્શિત નાટક 'બા ને ઘેરે બાબો આવ્યો' ની ઝાંખી કરાવી હતી તો આવનારા આ ચિત્રપટમાંના મેઘધનુષી ગીતે વાતાવરણને મહેકાવી દીધું હતું. તો દરેકે દરેક અતિથીઓનો પરિચય પણ પ્રેક્ષકોને વિદ્યાર્થીઓએ જ કરાવી આપ્યો હતો. ગુજરાતી ચિત્રપટના પ્રમોશનનો કાર્યક્રમ હોઈ 'કેરી ઓન કેસર'ની ટીમે તેમના ચિત્રપટના ટ્રેઈલરનું દ્રશ્યાંકન દર્શાવી સૌ ઉપસ્થિત પ્રેક્ષકો સાથે વાર્તાલાપ કરતાં તેમના અનુભવો, નિર્માણકાર્ય, લોકોના મંતવ્યો, યાદગાર પ્રસંગોને વાગોળ્યા હતા. તો સાથોસાથ તેમણે પ્રશ્નોત્તરી પણ સાધી હતી. કાર્યક્રમ દરમ્યાન મહાવિદ્યાલયના ગુજરાતી સાહિત્ય મંડળે તેમને વિડિયોગ્રાફી દ્વારા તેમને શુભેચ્છા પાઠવી હતી.

એક સમયે જ્યારે ગુજરાતી ચિત્રપટ એ તો માત્ર ગુજરાતનું જ મનોરંજન છે કે પછી એમાં માત્ર ઢોલ, ગરબા અને સાસુવહુના સંબંધોથી આગળ કંઈ જ નથી એમ કહેતાં લોકોને સાંભળતાં ત્યારથી જાણે આ ગુજરાતી ચિત્રપટોને ધૂળ ચડતી દેખાતી હતી તે છાપ હવેના ચિત્રપટો દૂર કરી રહ્યાં છે. અને આ ચિત્રપટોએ મુંબઈ જેવા અન્ય શહેરોમાં પગપેસારો કર્યો હોઈ આવા સફળ પ્રયાસોને બિરદાવવા તત્પર યુવાપેઢીઓ માટે કાર્યક્રમને અંતે મહાવિદ્યાલયના વિદ્યાર્થી કુ. પ્રતિક ગોરએ સૌપ્રથમ આ નવીન ચિત્રપટની સંપૂર્ણ ટીમનો, તથા પ્રાર્થના ગાનાર વિદ્યાર્થિનીઓ, અતિથીઓનો પરિચય કરાવનાર તથા નાટ્યભજવણી તથા ગાયક વિદ્યાર્થીઓ કુ. ચૈતાલી નિમાવત, સાગર ચોટલિયા, દિપેશ કળસરિયા, વૈભવી શાહ, કપિલ જોટાણિયા, કૌશલ શાહ તેમજ જય દવે તો સંપૂર્ણ કાર્યક્રમને પીપીટીના માધ્યમથી આકર્ષિત બનાવનાર તથા વિડિયો સરપ્રાઈઝ બનાવનાર ભવિ ગાંધી, સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરનાર કુ. ભાવિકા ભાનુશાલી તેમજ બિપિન મેવાડા, સભાગૃહમાં નાનું ગુજરાત હોય તેવી સજાવટ કરનાર કુ. મેરુ ઓડેદરા તથા જયદિપ વાઘેલા, કાર્યક્રમનો સેતુ સાધનાર પ્રાચાર્યા ડૉ. સુધાબેન વ્યાસ તેમજ શ્રીમતી પ્રીતિબેન દવે, સોમૈયા પરિવાર તથા સમગ્ર કાર્યક્રમનું સ્પેશ્યલ કવરેજ કરનાર ટી.વી. ૯ ગુજરાતીના સભ્યો તથા પ્રત્યક્ષ અપ્રત્યક્ષ સહકાર આપનાર સૌનો આભાર માની આ સફળતાભર્યા કાર્યક્રમને વિરામ આપ્યો હતો.

# ઘાટકોપર જોલી જીમખાના આયોજિત ઈન્ટરક્લબ ટી-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં માટુંગા જીમખાના વિજયી

ઘાટકોપર જોલી જીમખાના દ્વારા પ્રતિ વર્ષ યોજાતી ઈન્ટર ક્લબ ટી-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૭મી આવૃત્તિમાં માટુંગા જીમખાનાની ટીમે વિજયપદ હાંસલ કરેલ છે.

મુંબઈની પ્રખ્યાત ૮ ક્લબો વચ્ચે ૧૧-૧૨, ૧૮-૧૯ ફેબ્રુઆરી,૨૦૧૭ના ઘાટકોપર જોલી જીમખાનાનાં ક્રિકેટના લીલાછમ મેદાન પર રમાયેલી ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં ચેમ્બુર જીમખાનાની ટીમ ટોસ જીત્યા બાદ ફિલ્ડીંગ કરતા માટુંગા જીમખાનાની ટીમને ૨૦ ઓવરમાં ફક્ત ૧૭૩ રનના સ્કોર પર સિમીત રાખ્યા હતા જેનો મુખ્ય શ્રેય ચેમ્બુર જીમખાનાની ખૂબજ ચૂસ્તીભરી ફિલ્ડીંગને ફાળે જાય છે. ચેમ્બુર જીમખાનાએ પડકારને આંબવા ખૂબજ ધમાકેદાર શરૂઆત કરતા પ્રથમ ૨ ઓવરમાં ૨૫ રન ખડકી દીધા હતા. પરંતુ ત્યારબાદ પછડાટનો દોર માટુંગા જીમખાનાના શ્રીકાંતની બોલીંગથી શરૂ થયેલ હતી અને થોડા થોડા અંતરે વિકેટ ગુમાવેલ હતી. પરંતુ રમતની અનિશ્ચિતતાનો વ્યાપ ચેમ્બુર જીમખાનાનાં શ્રીધરે એક ઓવરમાં લાગલગાટ ૩ છક્કા ફટકારી મેચનો રોમાંચક સ્થિતિમાં ફેરવી હતી. પણ માટુંગા જીમખાનાનાં બોલરોએ સાતત્ય જાળવી રાખી અંતમાં મેચ ૨૩ રનથી જીતી લીધેલ હતી.

ફાઈનલ મેચની પૂર્ણાહૂતિ બાદ ઈનામ વિતરણ સમારોહમાં ઘાટકોપર જોલી જીમખાનાનાં ચેરમેન શ્રી રજનીકાંત શાહ, ટ્રેઝરર શ્રી નલીનભાઈ મહેતા, ક્રિકેટ ઈન્ચાર્જ શ્રી નિશીથભાઈ ગોળવાલા અન્ય કમિટી સભ્યો તેમજ ચેમ્બુર તથા માટુંગા જીમખાનાનાં પદાધિકારીઓની ઉપસ્થિતિમાં માટુંગા જીમખાનાનાં ઓમકાર જાધવ તથા હર્ષ રાયને બેસ્ટ બેસ્ટમેન તથા બેસ્ટ બોલર તેમજ ચેમ્બુર જીમખાનાનાં સુરજ લાલવાણીને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટના એવોર્ડથી નવાજવામાં આવેલ હતાં.



## રાજાવાડી સ્થા.જૈન સંઘ દ્વારા મસાલા વિતરણ

રાજાવાડી જૈન સંઘના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ અજમેરા દ્વારા માનવ રાહતના અનેક કાર્યો થઈ રહેલ છે. તેમાં સંઘના માનવ રાહતના કાર્ડ હોલ્ડરો માટે શ્રીમતી સુધાબેન કનુભાઈ બાવીશી પરિવારની પ્રેરણાથી આ વર્ષ બારમાશી મસાલો રસોડાની જરૂરી સામગ્રી મરચા પાવડર - ધાણા - હળદર આદીનું વિતરણ કરવામાં આવેલ.

આ મસાલા વિતરણ પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ અજમેરા અને હરેશ અવલાણી દ્વારા કરવામાં આવેલ અને દાતા બાવીશી પરિવારના વિરેનભાઈ બાવીશી - રૂપલબેન બાવીશી, હંશલ બાવીશી - હિંગવાલાના વડિલ શ્રાવક જયવંતભાઈ જશાણી - જયસુખભાઈ જશાણી આદી હાજર રહેલ.



## સહિયારી દ્વારા વેલેન્ટાઈન ડેની ઉજવણી

વેલેન્ટાઈન ડે ખૂબજ ધામધૂમથી સહિયારી દ્વારા ઉજવણી કરવામાં આવી. તા.૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૭ રાષ્ટ્રીય શાળા પટાંગણમાં કપલ પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. જેમાં ૪૦૦થી વધુ લોકોએ આ વેલેન્ટાઈનની સાંજને યાદગાર બનાવી દીધી.

પ્રેસિડન્ટ કાજલ શેઠએ જણાવ્યું કે 'વદર સ્પોન્સરએ અમે આવા કંઈક નવા અને અદ્ભૂત પ્રોગ્રામો આપ્યા છે. અને વર્ષમાં ૨ થી ૩ કપલ પ્રોગ્રામ દર વર્ષે આપીએ જ છીએ. સૌ કોઈ કદાચ આ વેલેન્ટાઈનને આનાથી પણ સરસ રીતે માણતા હશે, પણ સહિયારીમાં આ એક સુંદર પ્રયાસને સફળતા મળી છે, તો તેમાં બધી કમિટી મેમ્બર્સનો સપોર્ટને લીધે જ છે.' કાજલ શેઠ તેના કમિટી મેમ્બર્સ પારૂલ શાહ, ફાલ્ગુની શાહ, સંગીતા છભાડીયા, દીપા ગેસોટા, હેમાલી શાહ, લત્તા શાહ, સુધા શાહ, જાગૃતિ શાહ, નેહલ શાહ અને યોગિતા ભટ્ટનો ખુબ ખુબ આભાર માને છે. આ કાર્યક્રમની સફળતા કાજલ જયેશ શેઠ વગર શક્ય ન હતી.





## જ્વેલ સહેલીનો વેલેન્ટાઈન ડે કાર્યક્રમ






જ્વેલ સહેલીનો છઠ્ઠો પ્રોગ્રામ વેલેન્ટાઈન ડે નિમિત્તે યોજવામાં આવ્યો હતો. સ્પોન્સર કોન્સેપ્ટ ૩૬૦ આયુષી શાહ, ઉદયન શાહ, પ્રાઈઝ સ્પોન્સર વેલેન્ટાઈન જે.એન્ડ એસ. હેર એન્ડ બ્યુટી સ્ટુડીયો વૈશાલી ખીલાણી, હર્ષાબેન મહેતા, ગાયકો આશિષ શાહ, પોમલ શાહ અને એલઈડી સ્પોન્સર વર્લ્ડ જીમ ચંદ્રેશ પારેખના યોગદાનથી સુંદર રીતે ઉજવાયો હતો.





# Many Congratulations




## શ્રી પરાગ શાહ

મનપા ચૂંટણી ૨૦૧૭માં
ઘાટકોપર વોર્ડ ક્રમાંક ૧૩૨થી
સુવર્ણ જીતનાં
આપને લાખ-લાખ વધામણાં

JAIN JAGRUTI CENTRE
JJC
1975

## જેજેસી - રજવાડી

શુભેચ્છક

- મિનેશ શાહ
- સંજય સંઘવી
- ઉર્વેશ વોરા
- સુનિલ શાહ
- અશ્વિન શાહ
- મોતીલાલ ગાલા
- નિખીલ શાહ
- જયેશ શાહ
- આસિત શાહ
- આશિષ શાહ
- ચેતન છેડા
- અપૂર્વ શાહ
- ભાવિન દેસાઈ




Printed, Published, Owned & Edited by **Jayant Visanji Chheda** and Printed at : **MID DAY Infomedia Limited.,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
and Published from 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. **TeleFax : 25688297 • E-mail : voiceofghatkopar@gmail.com • RNI : MAHGUJ/2008/28113**